Upload National Evening News 20-06-2024 at 7.50-8.00pm-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2024** **Evening : 7.50 to 8.00pm**
**Day : Thursday** **National News**

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કાશ્મીરમાં એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યોગ દિવસ નિમિત્તે સવારે 6.40 વાગ્યે દેશવાસીઓને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કરશે.
- સર્વોચ્ચ અદાલતે અનુસ્નાતક નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબપત્રિકા જાહેર કરવા નિર્દેશ આપવા વિનંતી કરતી અરજીના આધારે રાષ્ટ્રીય પરિક્ષા બોર્ડ અને તબીબી કાઉન્સેલિંગ કમિટિને નોટીસ જારી કરી છે.
- ભારતની મુલાકાતે આવેલ અમેરિકાની કોંગ્રેસના પ્રતિનિધિમંડળે ભારત અને અમેરિકાના વિવિધ ક્ષેત્રના વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત બનાવવાને સમર્થન આપ્યું છે.
- ઉત્તર ભારતમાં ઘણા સ્થળોએ ફરી વળેલું ગરમીનું તીવ્ર મોજું આજે યથાવત - દિલ્હીમાં છેલ્લા 30 કલાકમાં લૂ લાગવાથી 22 લોકોના મોત નિપજયાં છે
- પુરૂષોની 20 ઓવરની આઇસીસી વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની સુપર 8 શ્રેણીની આજે બાર્બાડોશમાં રમાનારી મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થશે.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM in Jammu Kashmir

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જમ્મુ અને કાશ્મીરની મુલાકાતે શ્રીનગર પહોંચ્યા છે. તેમણે આજે શ્રીનગરમાં યોજાઇ રહેલા જમ્મુ અને કાશ્મીરમાં પરિવર્તન લાવવા યુવાનોને અધિકાર સંપન્ન બનાવવા અંગેની ઇવેન્ટમાં સંબોધન શરૂ કર્યું છે.

તેઓ કાશ્મીરની મુલાકાત દરમિયાન એક હજાર 500 કરોડ રૂપિયાના 84 વિકાસકામોનું ખાતમૂહુર્ત અને ઉદઘાટન કરશે.

આ પ્રસંગે તેઓ સરકારી સેવામાં નિયુક્તિ પામેલા બે હજારથી વધુ યુવાનોને નિમણુંકપત્રો એનાયત કરશે. પ્રધાનમંત્રી 1 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચના કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક સુધારા કાર્યક્રમનો આરંભ કરાવશે.
આવતીકાલે એકવીસમી જૂને શ્રીનગરમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાશે અને ઉપસ્થિતોને સંબોધન કરશે.

## YOGA-DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યોગ દિવસ નિમિત્તે સવારે 6.40 વાગ્યે દેશવાસીઓને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કરશે. જેનું જીવંત પ્રસારણ દેશભરમાં યોજાનાર યોગ દિવસના કાર્યક્રમોમાં કરાશે.

ગુજરાતના ૩૧૨ મુખ્ય સ્થળોએ આવતીકાલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.. મુખ્યમંત્રીના વડપણમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોજાશે.

એવી જ રીતે અમેરિકા ખાતેના ભારતીય રાજદૂતાવાસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે વોશિંગ્ટનમાં યોગસત્રનું આયોજન કર્યું હતું.

સંયુક્ત આરબ અમિરાતમાં ભારતીય મિશન દ્વારા મહિલાઓના સશક્તિકરણને કેન્દ્રમાં રાખીને યોગ દિવસની ઉજવણી કરાશે. જેમાં ચાર હજારથી વધુ લોકો ભાગ લે તેવી સંભાવના છે.

બાંગ્લાદેશમાં ભારતીય હાઇ કમિશને ઢાકાના મીરપુર ઇન્ડોર સ્ટેડિયમ ખાતે આવતીકાલે યોગદિવસની ઉજવણીનું આયોજન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષના યોગ દિવસની ઉજવણીની વિષયવસ્તુ છે સ્વ અને સમાજ માટે યોગ, જેનો મુખ્ય હેતુ પર્યાવરણને અનુકૂળ એવા ઉત્પાદનોનો ઉપયોગ તેમજ પર્યાવરણને અનુરૂપ જીવન જીવવાની પ્રેરણા આપવાનો છે.

## GUJARAT- YOGA DAY

ગુજરાત રાજય યોગ બોર્ડે છેલ્લા પાંચ વર્ષમાં એક લાખથી વધુ યોગ પ્રશિક્ષકોને તાલીમ આપી છે. આકાશવાણી સાથેની વાતચીતમાં યોગ બોર્ડના અધ્યક્ષ શિશપાલ રાજપૂતે જણાવ્યું હતું કે, યોગ બોર્ડ ગુજરાતમાં યોગના પ્રચાર પ્રસાર માટે 500થી વધુ વિનામૂલ્યે યોગ વર્ગો ચલાવે છે.

(બાઇટ-શિશપાલ રાજપૂત)

ગુજરાત યોગ બોર્ડ દ્વારા અત્યારસુધીમાં યોગ ઉત્સવ 2024 અંતર્ગત 100થી વધુ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકો માટે 200થી વધુ સ્થળોએ યોગ સમરકેમ્પનો સમાવેશ થાય છે.

## SC-NEET-QUESTION-PAPER

સર્વોચ્ચ અદાલતે અનુસ્નાતક નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબપત્રિકા જાહેર કરવા નિર્દેશ આપવા વિનંતી કરતી અરજીના આધારે રાષ્ટ્રીય પરિક્ષા બોર્ડ અને તબીબી કાઉન્સેલિંગ કમિટિને નોટીસ જારી કરી છે.

અદાલતના ન્યાયાધીશ વિક્રમનાથના વડપણ હેઠળની વેકેશન બેંચે સંબંધિતોને નોટીસનો પ્રતિભાવ આગામી 8મી જુલાઇ સુધીમાં આપવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતે જણાવ્યું છે કે, પ્રતિવાદીઓ પોતાના સોગંદનામા રજૂ કરી શકે છે.

## REV.-NIRMALA--PRE-BUDGET

કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મળા સિતારમણે સામાન્ય બજેટ અગાઉની ચર્ચાના ભાગરૂપે આર્થિક અને શેરબજારના ક્ષેત્રના નિષ્ણાતો સાથે બીજા દૌરની મંત્રણા આજે દિલ્હીમાં કરી છે.

આ બેઠકમાં નાણાંરાજયમંત્રી પંકજ ચૌધરી તેમજ નાણાં, મહેસૂલ, કોર્પોરેટ બાબતોના સચિવો અને મુખ્ય આર્થિક સલાહકાર જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ગઇકાલે નાણાંમંત્રીએ સામાન્ય બજેટની પૂર્વતૈયારી રૂપે અગ્રણી અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચાવિચારણા કરી હતી.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

## MODI-CONGRESSIONAL-DELEGATION

ભારતની મુલાકાતે આવેલ અમેરિકાની કોંગ્રેસના સાત સભ્યોના પ્રતિનિધિમંડળે ભારત અને અમેરિકાના વિવિધ ક્ષેત્રના વ્યૂહાત્મક સંબંધો વધુ મજબૂત બનાવવાને સમર્થન આપ્યું છે.

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં અમેરિકાના પ્રતિનિધિમંડળે આ મુજબ જણાવ્યું હતું.

અમેરિકી કોંગ્રેસની વિદેશી બાબતોની સમિતિના વડા મિશેસ મેકેકોલના વડપણ હેઠળના આ પ્રતિનિધિમંડળમાં નેન્સી પેલોસી સહિત સાત સભ્યોનો સમાવેશ કરાયો હતો.

આ પ્રતિનિધિમંડળે સતત ત્રીજી મુદત માટે સત્તાના સૂત્રો મેળવનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા હતા. તેમણે ભારતમાં મોટાપ્રમાણમાં ન્યાયિક અને પારદર્શક રીતે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી હતી.

## HRI--DEATHS

ઉત્તર ભારતમાં ઘણા સ્થળોએ ફરી વળેલું ગરમીનું તીવ્ર મોજું આજે યથાવત રહ્યું છે ત્યારે દિલ્હીના સફદરજંગ હોસ્પીટલમાં છેલ્લા 30 કલાકમાં લૂ લાગવાથી 13 લોકોના મોત નિપજયાં છે અને ગરમીના કારણે બિમાર થયેલા 33 દર્દીઓ સારવાર હેઠળ છે.

એવી જ રીતે રામ મનોહર લોહિયા હોસ્પીટલમાં ગરમીના કારણે બીમાર થયેલા નવ દર્દીઓના મોત નિપજયાં છે.

ઉલ્લેખનીય છે કે, આરોગ્ય મંત્રાલય અસાધારણ ગરમીના કારણે બીમાર થનાર લોકોને ઝડપી સારવાર આપવા માટે પૂર્વતૈયારી કરવાની સૂચના ગઇકાલે આપી છે.

## ENVIRONMENT-MINISTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલ વૃક્ષારોપણ અભિયાનના કારણે દેશમાં હરિત કવચ એટલે કે વૃક્ષોની સંખ્યા વધારવાનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી શકાશે.

કેન્દ્રિય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે દિલ્હીમાં અસોલાભાટી વન્ય જીવ અભ્યારણ્ય ખાતે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન આ મુજબ જણાવ્યુ હતું. તેમણે કહ્યું કે, વિકાસ સાધતી વખતે કુદરત અને વૈજ્ઞાનિક પ્રગતિ વચ્ચે સંતુલન સાધવું જરૂરી છે. તેમણે આબોહવામાં પરિવર્તનની સમસ્યાનો સામનો કરવા પર્યાવરણને અનૂકૂળ જીવનશૈલી અપનાવવા લોકોને અનુરોધ કર્યો છે.

## NIA--RAIDS

રાષ્ટ્રીય તપાસ સંસ્થા – એનઆઇએ એ ખંડણી અને કોલસા ખાણો ઉપર હુમલાના કેસની તપાસના ભાગરૂપે ગઇકાલે ઝારખંડમાં દરોડાની કાર્યવાહી કરી છે. રાંચી અને હજારીબાગ જીલ્લાઓમાં ત્રણ સ્થળોએ તપાસ ઝુંબેશ હાથ ધરાઇ હતી. આ કાર્યવાહીમાં ડીજીટલ ઉપકરણો, વાહનો અને વાંધાજનક સામગ્રી જપ્ત કરાઇ છે. ઉલ્લેખનીય છે કે, ગત ડીસેંબર 2020માં લાતેહર જીલ્લામાં આવેલી કોલસાખાણ ઉપર ખંડણી મેળવવા અને સરકારી કામકાજમાં અડચણ ઉભી કરવા હુમલો કરાયો હતો.

## GRIHA AWARD

નવી દિલ્હી ખાતેની 'ગરવી ગુજરાત' બિલ્ડીંગને ગ્રીન રેટિંગ ફોર ઇન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ- ગૃહ દ્વારા થ્રી-સ્ટાર રેટિંગથી સન્માનિત કરાયું છે.

GRIHA (ગૃહ) એ હેબિટાટ રહેણાંકના માધ્યમથી ઉત્સર્જનની તીવ્રતામાં ઘટાડાનું મૂલ્યાંકન કરવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. જે આબોહવામાં પરિવર્તનની સમસ્યાનો સામનો કરવા માટે ભારતની વ્યૂહરચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

એ આપ જાણો છો કે, દિલ્હી ખાતેના ગરવી ગુજરાત બિલ્ડિંગનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સપ્ટેમ્બર, 2019માં કરવામાં આવ્યું હતું. જેમાં વર્ટિકલ ગાર્ડન, સોલાર પેનલ્સ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જળસંવર્ધન વ્યવસ્થા અને ઘન કચરાના વ્યવસ્થાપન સુવિધાઓ જેવા પર્યાવરણને અનુકૂળ ઘટકો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા વિકસિત કરવામાં આવેલી GRIHA રેટિંગ સિસ્ટમને વર્ષ 2007માં ભારત સરકાર દ્વારા ગ્રીન બિલ્ડીંગો માટેના રાષ્ટ્રીય ધારાધોરણ તરીકે અપનાવવામાં આવી છે.

## Cricket

પુરૂષોની 20 ઓવરની આઇસીસી વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની સુપર 8 શ્રેણીની આજે બાર્બાડોશમાં રમાનારી મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થશે. ભારતીય સમય મુજબ આ મેચ આજે રાતના આઠ વાગ્યાથી રમાશે.

## COAL MINISTER

કેન્દ્રિય કોલસામંત્રી જી.કિશન રેડ્ડીએ રાજયસરકાર, વન અને પર્યાવરણ મંત્રાલય તથા કોલસાના વેપાર સાથે સંકળાયેલા લોકો વચ્ચે સમન્વય રાખવા ઉપર ભાર મૂક્યો છે. આજે દિલ્હીમાં કોલસા મંત્રાલય સાથેની બેઠકમાં શ્રી રેડ્ડીએ કેપ્ટીવ અને વ્યવસાયિક કોલસા ઘટકોના વ્યવસ્થાપનની સમિક્ષા કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ફાળવવામાં આવેલા કોલસા ઘટકોમાં કામગીરી ઝડપથી શરૂ થવી જરૂરી છે.

તેમણે વધુમાં કહ્યું કે, કોલસાની આયાત ઘટાડવા માટે કોલસાના ઘરઆંગણાના ઉત્પાદનમાં વધારો કરવો પડશે. ઉલ્લેખનીય છે કે, કોલસામંત્રાલય દ્વારા 575 મેટ્રીકટનની ક્ષમતાવાળા 61 કોલસાઘટકોની હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ પૈકી 58 કોલસાઘટકોમાં ઉત્ખનનની મંજૂરી આપવામાં આવી છે.